# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-12-2024　　　　　　Midday : 1.20 to 1.30

Day : Saturday　　　　　　National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી કુવૈતની બે દિવસીય મુલાકાત માટે રવાના થયા .

2) નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે જેસલમેરમાં GST કાઉન્સિલની 55મી બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે

3) આજે પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

4) જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં આગામી પાંચ દિવસ દરમિયાન ઠંડીનું મોજું તીવ્ર બનવાની શક્યતા

5) મહિલા T20 એશિયા કપ અંડર 19 ની આવતીકાલે રમાનારી ફાઇનલમાં ભારતનો સામનો બાંગ્લાદેશ સામે થશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-KUWAIT DEPARTURE

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજથી કુવૈતની બે દિવસીય મુલાકાત માટે  રવાના થયા છે. તેઓ કુવૈત રાજ્યના અમીર શેખ મેશલઅલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના  આમંત્રણ પરકુવૈતની મુલાકાતે છે. કુવૈત જતાં પહેલા  પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારત કુવૈત સાથેના ઐતિહાસિક જોડાણની ખૂબ જ કદર કરે છે.  તેમણે ઉમેર્યું હતું કે બંને રાષ્ટ્રો માત્ર મજબૂત વેપાર અને ઉર્જા ભાગીદારો નથી, પરંતુ પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિમાં પણ સહિયારા હિત ધરાવે છે.

શ્રી મોદી તેમની કુવૈતની મુલાકાત દરમિયાન કુવૈતના નેતાઓ સાથે ચર્ચા કરશે. શ્રી મોદી આજે એક કાર્યક્રમમાં ભારતીય સમુદાયના લોકો સાથે વાર્તાલાપ કરશે અને લેબર કેમ્પની પણ મુલાકાત લેશે. શ્રી મોદી 26માં અરેબિયન ગલ્ફ કપના ઉદઘાટન સમારોહમાં કુવૈતના આમીરના વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે.

આવતીકાલે બયાન પેલેસ ખાતે પ્રધાનમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. ત્યારબાદ તેઓ કુવૈતના આમીર અને ક્રાઉન પ્રિન્સ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત  કરશે. કુવૈત  હાલમાં અખાતી સહકાર કાઉન્સિલનું અધ્યક્ષ છે અને પ્રધાનમંત્રીની આ મુલાકાત

માત્ર બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને જ મજબૂત બનાવશે નહીં પરંતુ વિસ્તૃત ગલ્ફ ક્ષેત્ર સાથે ભારતના સંબંધોને પણ વધારશે.

## PM- RANN UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કચ્છ જિલ્લાના ધોરડોમાં આયોજિત રણ ઉત્સવની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ ઉત્સવ કચ્છની પરંપરા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક છે જે દરેકને આકર્ષે છે.

તેમણે કહ્યું કે આ ઉત્સવ તેના અદભૂત હસ્તકલા બજાર, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખાદ્ય પરંપરાઓ દ્વારા મુલાકાતીઓને જીવનભરનો અવિસ્મરણીય અનુભવ પૂરો પાડે છે. પ્રધાનમંત્રીએ લોકોને તેમના જીવનમાં ઓછામાં ઓછા એક વખત રણ ઉત્સવમાં તેમના પરિવાર સાથે ભાગ લેવાની અપીલ કરી છે.

## SHAH-NEC PLENARYSESSION

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ત્રિપુરાના અગરતલામાં પૂર્વોતર પરિષદની 72મી પૂર્ણ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ સત્રમાં પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ રાજ્ય મંત્રી ડૉ. સુકાંત મજમુદાર પણ ભાગ લઇ રહ્યા છે.

આ બેઠકમાં પૂર્વોત્તરના તમામ રાજ્યોના રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ પણ ભાગ લેશે.

## VP-CHANDIGARH

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટીના 5મા ગ્લોબલ એલ્યુમની સંમેલનનું ઉદ્ઘાટન કરશે. તેઓ યુનિવર્સિટીના કુલપતિ પણ છે. શ્રી ધનખડ આજે ચંદીગઢની એક દિવસીય મુલાકાતે છે.

## GSTMEETING-JAISALMER

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં વસ્તુ અને સેવા કર – GST કાઉન્સિલની 55મી બેઠક આજે જેસલમેરમાં ચાલી રહી છે. આ બેઠકમાં વસ્તુ અને સેવા કરને લગતા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે. આ બેઠકમાં ગોવા, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, મેઘાલય અને ઓડિશાના મુખ્યમંત્રીઓ ભાગ લઈ રહ્યા છે.

આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ અને અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ પણ ઉપસ્થિત છે.

## WORLD MEDITATION DAY

આજે વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 21 ડિસેમ્બરને આ વર્ષથી વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી રહી હોવાથી આ વર્ષે પ્રથમ વિશ્વધ્યાન દિવસ નિમિત્તે દેશભરમાં આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકોને તણાવ મુક્ત, શાંતિ અને સુખાકારીની ભાવનાથી જીવન જીવવા માટે પ્રેરણા  આપવાના હેતુથી આ દિવસની શરૂઆત કરવામાં આવી છે.

ધ્યાનમાં તણાવ, હિંસા અને સામાજિક અશાંતિ સહિત સંખ્યાબંધ વૈશ્વિક પડકારોને પહોંચીવળવાની ક્ષમતા હોવાનું માનવામાં આવે છે. સંયુક્ત મહાસભાએ તાજેતરમાં આ સંદર્ભમાં ભારત દ્વારા સહ-પ્રાયોજિત ઠરાવને સર્વસંમતિથી અપનાવ્યો હતો. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે સદીઓથી ધ્યાન કરવામાં આવે છે.

આજે આ પ્રસંગે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે ભારતના કાયમી મિશનના  પ્રતિનિધિ પર્વત નેની હરીશે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે ધ્યાન કરાવ્યું હતું જેમાં લાખો લોકોએ ભાગ લીધો હતો. જેમાં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાના 79મા સત્રના પ્રમુખ અને કેમેરૂનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ફિલેમોન યાંગ તથા ઓપરેશનલ સપોર્ટના ઉપમહાસચિવ અતુલ ખરેએ પણ ભાગ લીધો હતો.

# WHO-INDIA MALARIA

ભારતે મેલેરિયાના કેસ અને તેનાથી સંબંધિત મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વિશ્વ આરોગ્ય સંગઠન WHOએ વર્ષ 2024 માટેના મેલેરિયા રિપોર્ટમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. બ્રિટનના સંસદ સંકુલમાં મળેલી બેઠકમાં આ અંગે ભારતના સામુદાયિક આરોગ્ય કર્મચારીઓની, ખાસ કરીને દૂરના વિસ્તારોમાં મેલેરિયા ઘટાડવા માટે અસરકારક રીતે કામ કરી રહેલી મહિલાઓની પ્રશંસા કરી હતી.

રિપોર્ટ અનુસાર, દેશભરમાં મેલેરિયાના કેસોની અંદાજિત સંખ્યા 2017માં64 લાખ હતી. જે 2023માં ઘટીને 20 લાખ થઈ ગઈ છે. દેશમાં મેલેરિયાના કારણે અંદાજિત મૃત્યુઆંક 11 હજાર હતો, જે ઘટીને 3500 પર આવી ગયો છે. મૃત્યુદરમાં 68 ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે.

# GOVT-ADB

કેન્દ્ર સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક-એડીબીએ 35 કરોડ ડોલરના વ્યૂહાત્મક લોન કરારપર હસ્તાક્ષર કર્યા છે. આ લોન મલ્ટિ મોડલ અને ઇન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ ઇકોસિસ્ટમને મજબૂત કરવાના અન્ય

પ્રોગ્રામનો એક ભાગ છે. આ કાર્યક્રમ દ્વારા સરકાર દેશના લોજિસ્ટિક્સ સેક્ટરમાં મોટા પાયે સુધારો કરી રહી છે.

આમાં પુરવઠા શૃંખલાની સ્થિતિસ્થાપકતાને સુધારવા અને ઉત્પાદનને વેગ આપવાના હેતુથી અન્ય બે કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યાપ્રમાણે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સ્પર્ધા વધારવા માટે ભારતના લોજિસ્ટિક્સ સેક્ટરનો વિકાસ મહત્વપૂર્ણ છે.

# JAIPIR- ACCIDENT

જયપુર અજમેર ધોરીમાર્ગ પર થયેલા ગેસ ટેન્કર અકસ્માતમાં મૃત્યુઆંક 14 થયો છે. 27 ઇજાગ્રસ્તોને SMS હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. છ ઇજાગ્રસ્તો વેન્ટિલેટર પર છે જ્યારે કેટલાકની હાલત નાજુક છે. જયપુર જિલ્લા કલેક્ટર જીતેન્દ્રકુમાર સોનીએ ઘટનાની તપાસ માટે સંયુક્ત તપાસ સમિતિની રચના કરી છે.

ટેન્કર અકસ્માત ગઈકાલે સવારે જયપુર-અજમેર હાઈવે પર ભાંકરોટા વિસ્તારમાં થયો હતો જ્યારે એલપીજી ટેન્કરમાં વિસ્ફોટ થતાં 40 વાહનો બળી ગયા હતા. હાઈવેની બાજુમાં આવેલી એક પાઈપ ફેક્ટરી પણ બળીને ખાખ થઈ ગઈ હતી.

## REV IMD-COLDWAVE

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં ઠંડીનું મોજું તીવ્ર બનવાની શક્યતા વ્યક્ત કરી છે. પંજાબ અને રાજસ્થાનમાં પણ સોમવાર સુધી ઠંડીનું તીવ્ર મોજું રહેશે. હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને ઝારખંડના અલગ-અલગ વિસ્તારોમાં રાત્રિ અને સવારના સમયે ગાઢ ધુમ્મસ રહેવાની સંભાવના છે.

જ્યારે આગામી બે દિવસ સુધી દિલ્હીમાં સાંજ અને રાત્રિના સમયે ધુમ્મસની સંભાવના છે. દેશના મધ્ય ભાગોમાં આગામી ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

## U-19 WOMEN'S ASIA CUP

મહિલા T20 એશિયા કપ અંડર 19 ની ફાઇનલમાં ભારતનો સામનો બાંગ્લાદેશ સામે થશે. આવતીકાલે કુઆલાલંપુરમાં આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાત વાગ્યે શરૂ થશે.

ભારતે ગઈકાલે સુપર 4 મેચમાં શ્રીલંકાને ચાર વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 20 ઓવરમાં

9 વિકેટે 98 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે 14 ઓવર અને 5 બોલમાં જ લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો હતો. સુપર 4 ની અન્ય એક મેચમાં બાંગ્લાદેશે નેપાળને નવ વિકેટે હરાવ્યું હતું.

# WOMEN'S CRICKET

**ભારત અને વેસ્ટ ઈન્ડિઝની મહિલા ક્રિકેટની ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પ્રથમ મેચ આવતીકાલે ગુજરાતના વડોદરામાં રમાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.**

**ટી-ટ્વેન્ટી શ્રેણીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપમાં ભારતીય ટીમ આ શ્રેણી જીતવા પ્રયત્ન કરશે. મંધાનાએ T-20 શ્રેણીમાં સતત ત્રણ વાર 50 થી રન બનાવ્યા છે, જે દ્વિપક્ષીય શ્રેણીમાં ભારતીય મહિલા ખેલાડી માટે એક રેકોર્ડ છે.**

# SQUASH - WESTERN INDIA

મુંબઈમાં રમાઈ રહેલી વેસ્ટર્ન ઈન્ડિયા સ્લેમ સ્ક્વોશ ટુર્નામેન્ટની પુરુષ સિંગલ્સની સેમિફાઈનલમાં વીર ચોત્રાણી આજે મલેશિયાના અમિશેન રાજ ચંદ્રન સામે ટકરાશે. છઠ્ઠો ક્રમાંક ધરાવતા વીર ચોત્રાણીએ ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં ઇજિપ્તના યાસિન શોહાદીને હરાવ્યો હતો.

જ્યારે મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં બે વખતની ચેમ્પિયન અનાહત સિંહનો મુકાબલો ઇજિપ્તની નૂરખ ફાગી સામે થશે અને ટોચની ક્રમાંકિત આકાંક્ષા સાલુંખેનો મુકાબલો ઇજિપ્તની જાના સ્વાઈફી સામે થશે. ક્વાર્ટર ફાઇનલમાં અનાહતે અંજલિ સેમવાલને અને આકાંક્ષાએ હોંગકોંગની સેજ વિંગ વાઇને હરાવ્યા હતા.